# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-10-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 PM**

આકાશવાણી ભુજ, નુતન વર્ષની શુભકામનાઓ સાથે સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

## નુતન વર્ષનો પ્રારંભ

નવી આશા, ઉમંગ અને ઉત્સાહ સાથે વિક્રમ સંવત 2082-ના નૂતન વર્ષનો આજથી પ્રારંભ થયો છે. વિશ્વભરમાં ગુજરાતી સમુદાય આજે નવા વર્ષની ઉજવણી કરી રહ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

કચ્છમાં પણ લોકો એકબીજાને ઘેર જઇ નૂતન વર્ષની શુભકામના પાઠવી રહ્યા છે. વ્યક્તિગત ઉપરાંત સામૂહિક રીતે સામાજિક વેપારી તેમજ રાજકીય સંસ્થાઓ દ્વારા સ્નેહમિલનો યોજાઇ રહ્યા છે.

જીલ્લાના વિવિધ દેવ મંદિરો આજે અન્નકૂટ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. અને ભુજમાં આવેલ નૂતન સ્વામિનારાયણ મંદિરમાં 56 ભોગ સાથે 175થી વધુ પ્રકારની વાનગીઓ સાથે  યોજાયેલા અન્નકુટમમાં દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટ્યા હતા.

-------------------------------------------------------------------------------------

## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની કચ્છ યાત્રાની શતાબ્દી

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી વર્ષ 1925માં કચ્છ આવ્યા હતા અને પૂરાં 2 અઠવાડિયાં માટે રોકાયાં હતાં.  આ વર્ષ મહાત્મા ગાંધીજીની કચ્છ યાત્રાની શતાબ્દીનું વર્ષ છે. ગાંધીજી ૧૦૦ વર્ષ પહેલા સ્ટીમર દ્વારા મુંબઈથી દ્વારકા થઇને ૨૨ ઓક્ટોબર, ૧૯૨૫ના દિવસે માંડવી બંદરે ઉતર્યા હતા અને ચોથી નવેમ્બર, ૧૯૨૫ના રોજ તુણા બંદરેથી જામનગર ગયા હતા. ગાંધીજીની આ કચ્છ

યાત્રાને સો વર્ષ પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં ગાંધી કચ્છ યાત્રા શતાબ્દી સમિતિ દ્વારા વર્ષભર વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉજવણીના આયોજન સાથે જોડાયેલા જાણીતા લેખક સંજય ઠાકરે ગાંધીજીની કચ્છ યાત્રા અંગે આકાશવાણી સાથે વાતચીત કરી હતી.

બાઈટ--- સંજય ઠાકર

---------------------------------------------------------------------------------------

## દિવાળી વેકેશનના પગલે કચ્છમાં પ્રવાસીઓનો ધસારો

દિવાળીના તહેવારોની રજાઓ શરૂ થતાં જ કચ્છના પ્રવાસન અને યાત્રાધામોમાં પ્રવાસીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. સફેદ રણનો વિશિષ્ટ નજારો, સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો અને શાંતિનો અનુભવ કરવા માટે લોકો ઉત્સુક બન્યા છે. રણોત્સવની ટેન્ટ સિટી અને વિવિધ રિસોર્ટ એડવાન્સ બુકિંગ થઈ ચૂક્યા છે. રણોત્સવ ઉપરાંત, ભુજમાં આવેલ આઈના મહેલ, પ્રાગ મહેલ, સ્મૃતિવન, તેમજ વિશ્વ વિરાસત સ્થળ ધોળાવીરાની મુલાકાત લેવા માટે પણ પ્રવાસીઓ ઉમટતા હોય છે. રોડ ટુ હેવનની મુસાફરી, કાળા ડુંગરનો નયનરમ્ય સૂર્યોદય-સૂર્યાસ્ત અને માંડવીનો રમણીય બીચ પણ વેકેશનમાં પ્રવાસીઓ માટે આકર્ષણના કેન્દ્ર બને છે.

---------------------------------------------------------------------------------------

## 112 ઈમરજન્સી હેલ્પલાઇન અંગે રાજ્યના DGP વિકાસ સહાય

રાજયના લોકોને તમામ પ્રકારની તાત્કાલીક સહાય મેળવવા માટે રાજય સરકારે 112 હેલ્પલાઇન નંબર જાહેર કર્યો છે. આ અંગે રાજયના પોલીસ વડા વિકાસ સહાયે આજે જણાવ્યું હતું કે, હેલ્પ લાઇન નંબર 112ને અધતન ટેકનોલોજી સાથે સાંકળીને ઝડપથી ઇમરજન્સી સ્થળે પહોંચી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી સહાયે 112 હેલ્પલાઇનના વાહનને 108 ઇમરજન્સી વાહનની જેમ જ લોકોને સહયોગ આપવા અપીલ કરી છે.

(બાઇટ- વિકાસ સહાય,ડીજીપી)

--------------------------------------------------------------------------------

## દિવાળીના દિવસે કચ્છમાં અકસ્માતના બનાવોમાં 98.11 % નો વધારો નોંધાયો

આ વખતે દિવાળીના દિવસે કચ્છમાં અકસ્માતના બનાવોમાં 98.11 % નો વધારો નોંધાયો છે. ફટાકડાની ભારે આતશબાજીના કારણે આગ લાગવાના, દાઝી જવાના અને અકસ્માતના અનેક બનાવો સામે આવ્યા હતા.

જીલ્લામાં સામાન્ય દિવસોમાં 108 એમ્બ્યુલન્સને 18 જેટલા કોલ આવે છે, જો કે દિવાળીના દિવસે આ અકસ્માતની સંખ્યા વધીને 35 પર પહોચી ગઇ હતી.  સાથે જ આગથી દાજી જવાના કેસો પણ નોંધાયા હતા.

--------------------------------------------------------------------------------